SSP/ JUL 98/05/3250

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# <u>સત્સંગ પરિચય</u>

## પ્રશ્નપત્ર - ૧

**સવારે ૯ થી ૧૧:૧૫]** (રવિવાર, ૧૯ જુલાઈ, ૧૯૯૮) **કુલ ગુણ : ૭૫**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧ સહજાનંદ ચરિત્ર)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘કાંઈ લાધ્યું ? આટલા આનંદમાં કેમ જણાઓ છો ?’’
૨. ‘‘આ ગારો નથી, આ ચંદન છે.’’
૩. ‘‘ભગવાન આવો અન્યાય નહિ સાંખી લે.’’
૪. ‘‘મને લાગે છે કે મેં ક્યાંક આપનાં દર્શન કર્યાં છે.’’

**પ્ર.૨. નીચાનામાંથી કોઈ પણ <u>બે</u> વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજે ચાર સંતોને સદ્‌ગુરુપદે નીમ્યા.
૨. શ્રીજીમહારાજે સંતોને પગરખાં પહેરાવ્યાં.
૩. મૂળુખાચર વગર કહ્યે નિર્વ્યસની થયા.
૪. શોભારામ શાસ્ત્રી આંધળો થયો.

**પ્ર.૩. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. શ્રીજીમહારાજના પ્રગટ થવાના છ હેતુઓ.
૨. અઢારને દીક્ષા.
૩. સ્ત્રીની ગંધ.
૪. ગવર્નર જોન માલ્કમ સાથે શ્રીજીમહારાજની મુલાકાત.

**પ્ર.૪. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. શ્રીજીમહારાજે બાર સ્વરૂપે દર્શન ક્યાં અને ક્યારે આપ્યાં ?
૨. શ્રીજીમહારાજે દષ્ટિનું દાન કોને આપ્યું ?
૩. બિશપ હેબર સાથે શ્રીજીમહારાજની મુલાકાત ક્યાં થઈ ?





૪. શ્રીજીમહારાજે સ્વામિનારાયણનું ભજન કઈ સાલ અને કઈ તિથિએ કરાવ્યું ?
૫. શ્રીજીમહારાજે વિધવા સ્ત્રીઓને કયું આદરપૂર્ણ બિરુદ આપ્યું ?

**પ્ર.૫. નીચેનામાંથી કોઈ પણ <u>એક</u> વિષયનું નિરૂપણ કરો અને તેનો ટૂંકમાં ભાવાર્થ લખો.** ૫

૧. અમને કેવા કહેશો ?
૨. સૌનું કલ્યાણ કરવું છે.
૩. જાળિયામાં મંદવાડ.

**(વિભાગ - ૨ સત્સંગ વાચનમાળા ભાગ-૨)**

**પ્ર.૬. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ‘‘આપની સેવા તે મહારાજની સેવા છે - એમ હું જાણું છું.’’
૨. ‘‘આ ક્યાં સાલેમાળ છે, આ તો અક્ષર ઓરડી છે.’’
૩. ‘‘બ્રહ્મચારી બહુ ભણ્યા નથી પણ મુદ્દાની વાત સમજે છે.’’
૪. ‘‘તમે રાજકોટ જાવ, મહારાજ તમારો વહેવાર ચલાવશે..’’

**પ્ર.૭. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષે કારણો આપો. (બારેક લીટીમાં)** ૮

૧. દાદાખાચર અને બંને બહેનો શ્રીજીમહારાજને તેડવા સારંગપુર ગયાં.
૨. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, ‘‘આ જાગા ભગત તો અમારા ખરા સેવક છે.’’
૩. લાડુબાએ ભેંશની ચાકરી ઘરે શરૂ કરી.
૪. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને વિમુખ કર્યા.

**પ્ર.૮. નીચેનામાંથી કોઈ પણ <u>બે</u> વિષે મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. પ્રેમાનંદ સ્વામીની ગાન કલા.
૨. શાસ્ત્રીજી મહારાજને જાગા સ્વામીનો મહિમા.
૩. મૂળજી બ્રહ્મચારીની શ્રીજીમહારાજ પ્રત્યેની ભક્તિ.
૪. દાદા ખાચરની મહારાજે કરેલ કસોટી.

**પ્ર.૯. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. મૂળજી બ્રહ્મચારીની મૂર્તિ કોણે અને ક્યાં પધરાવી ?
૨. પ્રેમાનંદ સ્વામીને દીક્ષા આપી શ્રીજીમહારાજે શું નામ રાખ્યું ?

૩. અયોધ્યાપ્રસાદજી મહારાજના ઉત્તરાધિકારી કોણ થયા ?

૪. ગુણાતીતાનંદ સ્વામી અને નિષ્કુળાનંદ સ્વામી માટે નિત્યાનંદ સ્વામી શું કહેતા ?

૫. બોચાસણની પ્રતિષ્ઠા પછી કૃષ્ણજી અદા શું કહેતા ?

૬. જાગા ભક્તે નોંધેલી સ્વામીની વાતુનું પ્રકરણ કયું છે ?

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આશરે ૪૫ લીટીમાં નિબંધ લખો.** **૧૫**

૧. આદર્શ સત્સંગી.

૨. ઉત્સવો - સમાજનું અનિવાર્ય અંગ.

૩. યુવા પેઢીના તારણહાર - પ્રમુખસ્વામી મહારાજ.

✿ ✿ ✿